કૃપાદૃગ્‌વૃષ્ટિ સંહૃષ્ટદાસદાસીપ્રિયઃ

આપશ્રીની કૃપા દૃષ્ટિની વૃષ્ટિથી હૃદય પ્રફુલ્લિત બનવાથી
શ્રીઆચાર્યજી દાસ દાસીઓને પ્રિય છે.

અર્થ-ચરિત્ર-સંગતિ

શ્રીઆચાયજી પોતાના વિશાળ કમળનેત્રોથી દાસદાસીઓ પર કૃપાની દૃષ્ટિ કરી તેઓને આનંદ પ્રદાન કરે છે. આવા ઉત્તમ પ્રસન્નતા પામેલા દાસદાસીઓના આપ પ્રિય છે.

દાસ : એક સમય શ્રી ગિરિરાજજી સમીપે શ્રી આચાર્યજી દામોદરદાસની ગોદમાં મસ્તક મુકી પોઢયાં હતા. તે વખતે શ્રી નાથજી ત્યાં પધાર્યા. શ્રીનાથજીના નૂપુરના અવાજથી શ્રી આચાર્યજી જાગી ન જાય તે માટે શ્રી નાથજીને દામોદરદાસે દૂરથી જ હાથનો સંકેત કરી રોક્યા. શ્રી આચાર્યજીના સુખાર્થે શ્રી ઠાકોરજીને પણ રોકવામાં, દાસનું શ્રી આચાર્યજી પરત્વે વિશેષ પ્રિયત્વ છે. તે પ્રગટ થાય છે.

દાસી : શ્રી આચાર્યજીની પસન્નતા માટે રજોબાઈ આપશ્રીને ભોજન કરાવતી હતી. આ પણ આપ પ્રત્યેનું પ્રિયત્વ જણાવે છે.

આ નામ **"શ્રી-ધર્મ"** સૂચક છે.

ચિત્ર -પરિચય

ઊપર : શ્રી આચાર્યજી પોઢયા છે અને દામોદરદાસ સંકેતથી શ્રીનાથજીને રોકે છે.

નીચે : શ્રીઆચાર્યજી ભોજન કરી રહ્યા છે, ગરમીના દિવસો હોવાથી રજોબાઈ પંખો કરે છે.

નામ-સંગતિ

દાસ દાસિયોનું શ્રીઆચાર્યજી પરત્વે પ્રિયત્વ લૌકિક છે કે અલૌકિક તે જણાવવા **"પતિઃ"** આ નામ કહે છે.

श्री सर्वोत्तम

कृपादृग्वृष्टिसंहृष्टदासदासीप्रियाय नमः

॥ ३२ ॥

श्री सर्वोत्तम





पतये नमः

पतिः

શ્રીઆચાર્યજી પતિ છે .

અર્થ-ચરિત્ર-સંગતિ

આચાર્યજી સ્વકીય જનોના અલૌકિક પતિ છે. પોતે નિર્ભય હોય અને ભયભીત જનોની સર્વ રીતે રક્ષા કરવામાં સમર્થ હોય તે પતિ કહેવાય છે.

स वै पतिस्यादकुतोभयः स्वयं समन्ततः पाति भयातुरं जनम् ।"

(શ્રીમદ્ભાગવત ૫, ૧૮, ૨૦)

अभयं सर्वभूतभ्यो ददाम्तेदव्रतं मम
ममेकमेव शरणमात्मानं सर्वदेहिनां याहि
सर्वात्मभावेन यास्यसे ह्यकुतोभयम्'

આપશ્રી અલૌકિક પતિ હોવાથી નિર્ભય છે.અને આપશ્રીને સર્યાત્મભાવે શરણે આવેલા તમામ જીવોને રક્ષા કરી અભય બનાવી દો છો.

ગુજરાતમાં કપડવંજ પાસે ચોયલા ગામમાં એક કૃષ્ણદાસ બ્રાહ્મણની સ્ત્રી માટી ખોદતી હતી તેવામાં ભેખડ તુટી પડવાથી તે માટીના ઢગલામાં દબાઈને મરી ગઈ. શ્રીઆચાર્યજીએ વેદમંત્રોથી તેને સજીવન કરી તેની પ્રાણ રક્ષા કરી. આ પ્રકારે મૃત્યુ ભયથી પણ રક્ષા કરવાવાળા આપ અલૌકિક પતિ-વાસ્તવિક પતિ સ્વરૂપ છો.

આ નામ "ઐશ્વર્ય-ધર્મ" સૂચક છે.

ચિત્ર-પરિચય

ચોયલા ગામમાં માટીના ઢગલામાં દબાઈ મૃત્યુ પામેલી કૃષ્ણદાસની સ્ત્રીને શ્રી આચર્યજી સજીવન કરે.

નામ-સંગતિ

કાલાદિ ભયથી રક્ષા કરવા છતાં, જો દૈવી જીવોના વિરોધી આસુરી જીવો ભક્તોનો દ્વેષ કરે તો શું થાય ? ત બતાવવા **'रोषदृक्पातसंप्लुष्टभक्तद्विट्'** નામ કહે છે.

રોષદૃક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિટ્

શ્રીઆચાર્યજી આપની રોષ દૃષ્ટિથી ભક્ત દ્વેષિઓને બાળે છે.

અર્થ-ચરિત્ર-સંગતિ

ભકતોના દ્વેષ કરવાવાળા આસુરી જીવોને શ્રીઆચાર્યજી રોષ દૃષ્ટિ માત્રથી બાળે છે કે જેથી તેઓ ફરી ઉભા જ ન થઈ શકે.

શ્રી આચાર્યજીએ સિહનંદના પ્રભુદાસ ભાટના દ્વેષી કીરત ચૌધરીને આપે વિષ્ણુ દૂતો દ્વારા સજા કરી એટલે કીરત ચૌધરીએ ભક્તોની નિંદા કરવાનું બંધ કર્યુ.

આ રીતે ત્રિપુરદાસના વિરોધી તુર્કને વિષ્ણુદૂતો દ્વારા શિક્ષા કરી હતી.

આ નામ **"વીર્ય-ધર્મ"** સૂચક છે .

ચિત્ર-પરિચય

ઉપર : શ્રીઆચાર્યજી પ્રભુદાસ ભાટને શરણે લે છે.

નીચે : કીરત ચૌધરીને વિષ્ણુદૂતો મારી રહ્યા છે .

નામ-સંગતિ

ભક્તોને આપશ્રી અત્યંત પ્રિય છે. તો ભક્તો શ્રીઆચાર્યજી પ્રત્યે પ્રિયત્વ માટે શું કરે છે ? તે જણાવવા **'ભક્તસેવિતઃ'** નામ પ્રગટ કરે છે.

श्री सर्वोत्तम



रोषदृक्पातसम्प्लुष्टभक्तद्विषे नमः

॥ ३४ ॥

श्री सर्वोत्तम

भक्तसेविताय नमः

"ભક્તસેવિતઃ"

શ્રીઆચાયજી ભક્તો દ્વારા સેવિત છે .

અર્થ-ચરિત્ર-સંગતિ

શ્રીઆચાર્યજી પોતાના ભક્તોને કેવલ પ્રિય છે એટલું જ નહિ પરંતુ ભક્તો દ્વારા નિરંતર સેવિત પણ છે. આપશ્રી ભક્તોને સર્વ ભયોથી મુક્ત કરવાવાળા છે એવું સમજીને સ્વકીયજનો હર્ષપૂર્વક આપશ્રીની સેવા કરે છે.

મહાવનની એક ક્ષત્રાણીને આપશ્રીની સેવાનો મનોરથ થયો, ક્ષત્રાણીએ પોતાનો મનોરથ આપશ્રીને જણાવ્યો. ત્યારે શ્રી આચાર્યજીએ એક વસ્ત્ર ઉપર પોતાના ચરણારવિન્દ કંકુથી છાપી તેને પધરાવી આપ્યા. ક્ષત્રાણિએ ભગવત્ સ્વરૂપ જેવી જ નિષ્ઠાથી આ ચરણારવિન્દની સેવા કરી. આ ક્ષત્રાણી શ્રી ઠાકોરજીની સેવાને સાધન સેવા તથા શ્રીઆચાર્યજીની સેવાને ફલ સેવા માનતી હતી. શ્રીઆચાર્યજી તેને ફલાત્મક અનુભવ કરાવતા હતા. આ રીતે આપ ભક્તોથી સેવ્ય છે.

આ નામ **"યજ્ઞ-ધર્મ"** સૂચક છે.

ચિત્ર-પરિચય

શ્રીઆચાર્યજી મહાવનની ક્ષત્રાણીને પોતાના ચરણારવિન્દની છાપ પધરાવી આપે છે.

નામ-સંગતિ

ભક્તો અનેક છે અને ભકતનો ભાવ ભિન્ન ભિન્ન હોય છે તો શ્રી આચાર્યજી તમામ ભક્તો દ્વારા કેવીરીતે સેવાય છે ? તે જણાવવા **'સુખસેવ્યઃ'** નામ કહેવામાં આવે છે.

સુખસેવ્યઃ

જેની સેવા સુખથી થઇ શકે તેવા શ્રીઆચાર્યજી છે.

અર્થ-ચરિત્ર-સંગતિ

ભક્તો બહુ છે, અને દરેક ભકતનો ભાવ પ્રથક્ પ્રથક્ હોય છે. છતાં જે ભકત જે ભાવથી શ્રી આચાર્યજીની સેવા કરવાની ઇચ્છા કરે છે તે સર્વે ભાવો ભકતોના પૂર્ણ થાય છે. એ કારણે આપશ્રી સુખ સેવ્ય છો.

શ્રીઆચાર્યજીના સેવક મોરબીના બાદરાયણદાસ અને તેમની સ્ત્રી દ્વારકામાં તેર માસ સુધી આપની સેવા પાસે રહ્યાં. ત્યાં બન્નેએ પોતાની ઇચ્છાનુસાર જળ ભરવાની, રસોઇની પરચારગી, શ્રીઆચાર્યજીનાં ધોતી ઉપરણા ધોવા વિગેરેની સઘળી સેવા કરી. આ રીતે શ્રી આચાર્યજીએ તેમના ભાવો પૂર્ણ કર્યા.

આ નામ **"શ્રી-ધર્મ"** સૂચક છે.

ચિત્ર-પરિચય

ઊપર : બાદરાયણદાસ અને તેમની સ્ત્રી શ્રીઆચાર્યજીની સેવામાં હાજર છે.

નીચે : બાદરાયણદાસ અને તેમની સ્ત્રી કુવા ઉપર જળ ખેચે છે. અને વસ્ત્ર ધોવે છે.

નામ-સંગતિ

ભક્તજનો શ્રીઆચાર્યજીની સેવા સુખપૂર્વક કરી શકે છે. તેવું દેખી અન્ય લોકો પણ આપશ્રીની સેવા કરવા તત્પર થઇ જતા હશે ? તેના સમાધાન માટે **'દુરારાધ્યઃ'** નામ કહે છે.

श्री सर्वोत्तम

सुखसेव्याय नमः

श्री सर्वोत्तम

दुराराध्याय नमः

॥ ३७ ॥